**ફોજદારી કેસ નં.૫૬૪૭/૨૦૨૨**

**– : આંક :–૧ તળે હુકમ :–**

**૧.** નેશનલ લોક અદાલતના સ્પે.સીટીંગ સંદર્ભે આ કેસનો અભ્યાસ કરવામાં આવતાં જણાઈ આવેલ છે કે આ કામે આરોપી ઉપર પ્રોહીબીશન એકટની કલમ–૬૬(૧)(બી) મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આ કેસ ધ્યાનથી જોવામાં આવતાં તે ગુનો તા.૨૮/૦૩/૨૦૨૧ ના રોજ બનેલ છે. આ કામે ફોર્મ – એ વંચાણે લેતાં આરોપીનું લોહીનો નમુનો લીધા તા.૨૯/૦૩/૨૦૨૧ દર્શાવેલ છે. ફોર્મ–સીમાં બ્લડ સેમ્પલ મોકલ્યા તા.૨૯/૦૩/૨૦૨૧ ની દર્શાવવામાં આવેલ અને બ્લડ સેમ્પલ લેબોરેટરીમાં પહોંચ્યાની તા.૧૨/૦૪/૨૦૨૧ દર્શાવવામાં આવેલ છે. આ કામે જે બ્લડ સેમ્પલ બ્લડ કલેકટ કર્યા ના ૭ (સાત) દિવસની અંદર લેબોરેટરીમાં પહોંચી જવું જોઈએ તે બનવા પામેલ નથી અને આ સંજોગોમાં બોમ્બે બ્લડ ટેસ્ટ રૂલ્સના રૂલ નં.૪(૨) ની આજ્ઞાત્મક જોગવાઈઓનો ભંગ થાય છે જે હકીકતમાં તેનો સીધો લાભ આરોપીને મળવા પાત્ર થાય છે. સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ લખુ નરોતમના કેસમાં નામદાર ગુજરાત હાઈકોર્ટ દવારા મેજીસ્ટ્રેટ રૂલ ૪ (૨) ના ભંગના કિસ્સામાં પ્રોહિબિશન એકટની કલમ ૬૬(૧)(બી) મુજબના ગુન્હાના કામે આરોપીને નિદોર્ષ છોડી મુકવાના હુકમને યર્થાથ ઠેરવવામાં આવેલ હતો. જે બાબતની નોંધ લેવામાં આવેલ છે. આથી આ કામના આરોપી સામે જો ઈન્સાફી કાર્યવાહી હાથ ધરવામાં આવે તો પણ હાલના કેસનો અંત આરોપીની કલમ ૬૬(૧) (બી) મુજબના ગુન્હાના કામે સજામાં પરિણમે શકે તેવું જણાતું નથી.

**૨.** આ કામના આરોપી સામે ૮૫(૧) મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. જે અંગે ચર્ચા કરવામાં આવે તો પહેલા અત્રેની અદાલતને ધી ગુજરાત પ્રોહીબીશન એમેન્ડમેન્ટ એકટ – ૨૦૧૭ ની કલમ ૮૫–૧ ના જે સુધારો થયેલ છે તે મુજબ ગુન્હા બનવા માટેના આવશ્યક તત્વોની ચર્ચા કરવી આવશ્યક જણાય છે જે નીચે મુજબ છે.

કોઈ વ્યકિત કે જે પીધેલ હાલતમાં હોય તે જાહેર રસ્તા, મેળા, જાહેર જનતા ના ઉપયોગ માટે આવેલ જાહેર જગ્યા અથવા એવી કોઈ જાહેર જગ્યા કે જેનો ઉપભોગ કરવા માટે જાહેર જનતાને અનુમતી પ્રાપ્ત હોય તેવી કોઈ જગ્યા ઉપર ઉપદ્રવ ઉત્પન્ન કરે /કોઈ વયકિત સાથે ઝઘડો કરે /ગંદી અથવા અપમાનકારક ભાષાનો ઉપયોગ કરે/કોઈ સાથે ઝઘડામાં જોડાઈ જાય. / કોઈ સ્ત્રી સાથે અયોગ્ય વર્તન કરે / અથવા અશ્લીલ વર્તન કરે તો જ આ કલમ આકર્ષાય છે. હાલના ફો.કા.સહિતાની કલમ–૧૭૩ હેઠળ રજુ સમગ્ર પોલીસ રેકર્ડ વંચાણે લેવામાં આવે તો પોલીસ ધ્વારા આરોપી ઉપર જે આક્ષેપો મુકવામાં આવેલ છે તે આક્ષેપોમાં ઉપરોકત કલમ ૮૫ (૧) માં જણાવેલ કૃત્યો પૈકીનું કોઈ કૃત્ય કરેલ હોવાનો કોઈ આક્ષેપ મુકવામાં આવેલા નથી અને માત્ર આરોપી કેફી પદાર્થના નશા હેઠળ લવારા બકવાસ કરતા હોવાનું આક્ષેપ આરોપી સામે કરવામાં આવેલ છે, તો તમામ ઘટકો જોતાં અદાલત સમક્ષ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે શું લવારા કરવા/બકવાસ કરવા એ ઉપદ્રવ મચાવવો કહી શકાય ? તો આ પ્રશ્ન નો ઉતર આપતા પહેલા બંને શબ્દોનો ભાવાર્થ અને તેના શબ્દકોષનો અર્થ વડે સમજી શકાય. તો તેવા કિસ્સામાં '' ઉપદ્રવ'' ની કોઈ ચોકકસ વ્યાખ્યા આપવામાં આવેલ નથી. તેથી ભારતીય દંડ સંહિતાની કલમ ૨૬૮ હેઠળ જાહેર ઉપદ્રવ ની વ્યાખ્યા વંચાણે લેવી અત્રે અદાલત ને યોગ્ય જણાઈ આવે છે. આ જોગવાઈ મુજબ કોઈ એવું કૃત્ય કે જેનાથી કોઈને સામાન્ય ઈજા થવી સંભવ હોય, ભય ઉત્પન્ન થતું હોય અથવા, કોઈ વ્યકિત ને પજવણી ઉત્પન્ન કરે તેમ હોય તો માત્ર તેવું જ કૃત્ય ઉપદ્રવની વ્યાખ્યા માં આવે છે. તો હાલના

કિસ્સામાં ફરીયાદપક્ષ ધ્વારા રજુ તમામ દસ્તાવેજો જોતા કોઈપણ સ્થાને આરોપીના લથડીયા ખાવાના કારણે આ પ્રકારની વેદના કોઈને થવા પામેલ હોય તેવો આક્ષેપ ફરીયાદપક્ષ ધ્વારા આરોપી સામે મુકવામાં આવેલ નથી. તેથી આરોપી સામે ગુનો પુરવાર થવા માટે ઘટકોનો સ્પષ્ટ અભાવ આ કેસમાં તરી આવે છે.

**૩.** આમ, ઉપરોકત પેરાઓમાં ચર્ચા કર્યા મુજબની વિગતે આરોપી સામે કલમ ૮૫(૧) નો ચાર્જ ફ્રેમ કરી શકાય એવા કોઈ પુરાવા નથી અને પ્રોહીબિશન એકટ ની કલમ ૬૬(૧) (બી) મુજબના ગુન્હા સબંધેની કાર્યવાહી આગળ ચલાવવામાં આવે તો પણ આરોપીને તકસીરવાન ઠેરવી શકાય એમ નથી. જેથી માત્ર ઈન્સાફી કાર્યવાહી કરવાનો પ્રયત્ન કરવા કરતાં હાલના સંજોગોમાં અત્રેની અદાલતને આ કેસની કાર્યવાહી અટકાવી દેવાનું /પડતી મુકવાનું યોગ્ય અને ન્યાયી જણાય છે. ગુજરાત પ્રોહીબિશન એકટની કલમ ૮૫ (૧) માં સને : ૨૦૧૭ ના સુધારાથી સજાનું પ્રમાણ વધારવામાં આવેલ છે જે જોતાં કેસ ચાલે તો સદરહું ચાર્જશીટમાં દર્શાવેલ ગુન્હા અંગે વોરંટ ટ્રાયેબલ કેસની કાર્યવાહી અનુસરવી પડે. વોરંટ ટ્રાયેબલ કેસોમાં કાર્યવાહી સ્ટોપ કરવાની કે પડતી મુકવા અંગેની કોઈ ચોકકસ જોગવાઈ કરવામાં આવેલ નથી. અત્રેની અદાલતને ધ્યાને છે કે નામદાર સુપ્રિમ કોર્ટની ડિવિઝન બેંચે ૨૦૦૬ (૩) જી.એલ.આર. ૨૦૧૩ ઉપર પ્રસિધ્ધ થયેલ ક્રિમીનલ અપીલ ન. ૪૨૦ ઓફ ૨૦૦૬ અન્વયેના મીનુ કુમારી વિરૂધ્ધ સ્ટેટ ઓફ બિહારના કેસમાં ઠરાવેલ છે કે....

All courts, whether civil or criminal possess, in the absence of any express provision, as inherent in their constitution, all such powers as are necessary to do the right and to undo a wrong in course of administration of justice on the principle "quando lex aliquid alicui concedit, concedere videtur et id sine quo res ipsae esse non potest" (when the law gives a person anything it gives him that without which it cannot exist).

આમ, ઉપરોકત ચુકાદો લક્ષમાં લેતા કોર્ટને ખરૂ કરવા માટે અને ખોટું થતું અટકાવવા માટે અંર્તગત સતા રહેલ છે. જેથી ન્યાયના હિતમાં ન્યાયના હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**– :: હુ ક મ ::–**

૧. હાલના કેસની કાર્યવાહી પડતી મુકવાનો હુકમ કરવામાં આવે છે અને આ કામના આરોપીને આક્ષેપિત ગુન્હામાંથી મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

સદરહું હુકમ આજરોજ તારીખ : ૧૨ મી, માહે : નવેમ્બર, સને ૨૦૨૨ ના રોજ લોક અદાલતના સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તારીખ : ૧૨/૧૧/૨૦૨૨
રાજકોટ

**(રાજા રણછોડભાઈ પટેલ)**
GJ-00922
સાતમાં અધિક ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,

**ફોજદારી કેસ**

**નં.૫૬૪૭/૨૦૨૨**

રાજકોટ